# ગુજરાતમાં ત્રણ બેઠક પર ફરીથી ચૂંટણી

**ઉમેદવારોના નિધનને કારણે પ્રક્રિયા મોકૂફ બાદ નવો કાર્યક્રમ જાહેર**

ગાંધીનગરઃ ગુજરાતમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન ત્રણ બેઠક પર ઉમેદવારોના અચાનક નિધનને કારણે ચૂંટણી પ્રક્રિયા અટકાવવી પડી હતી. હવે રાજ્ય ચૂંટણી આયોગે આ બેઠકો પર ફરીથી ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. રાજ્યભરમાં આજે મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે, જેમાં કુલ 25,532 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય થશે. જોકે, કેટલીક બેઠકો પર ઉમેદવારોના અવસાનને કારણે મતદાન શક્ય બન્યું નહોતું, જેથી આ બેઠકો માટે ફરી ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

**આ બેઠકો પર ફરીથી થશે ચૂંટણી**

વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક (ભાજપના ઉમેદવાર લીનાબેન નીનામાનું નિધન થયું હતું)

સુરતના બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠક (કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશ રાઠોડનું નિધન થયું હતું)

અમદાવાદના બાવળા તાલુકા પંચાયતની દહેગામડા બેઠક (ભાજપના ઉમેદવાર જશીબેન ડાભીનું નિધન થયું હતું)

**ચૂંટણીનો નવો કાર્યક્રમ**

» 6 મે નોટિફિકેશન જાહેર થશે
» 11 મે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ
» 12 મે ઉમેદવારી ફોર્મ ચકાસણી
» 13 મે ઉમેદવારી પરત ખેંચવાનો અંતિમ દિવસ
» 24 મે યોજાશે મતદાન
» 26 મે મતગણતરી હાથ ધરાશે

# બહુચરાજીમાં હાટડી ચલાવી બંગડીઓ વેચતી સંશીબેન નગરસેવક બન્યા

ગાંધીનગરઃ મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં બંગડીઓ વેચીને જીવન ગુજરાન કરતી સંશીબેન કાંગસિયાએ ચૂંટણી જીતીને રાજકારણમાં અનોખી એન્ટ્રી કરી છે. મહેસાણા જિલ્લાના બહુચરાજીના વોર્ડ નંબર 4માંથી ભાજપના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરેલી સંશીબેને બહુચરાજી નગરપાલિકા બેઠક પર વિજય મેળવ્યો છે. સામાન્ય રીતે હાટડી ચલાવી બંગડી, બોરીયા અને બકલ વેચીને જીવન નિર્વાહ કરતી સંશીબેનની જીતે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે. સંશીબેનની ઉમેદવારી સમયે જ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ હતી. હવે તેમની જીત સાથે એ સ્પષ્ટ થયું છે કે મતદારોમાં 'ગ્રાઉન્ડ લેવલ'ના નેતાઓ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. હવે સંશીબેન બહુચરાજી નગરપાલિકામાં કોર્પોરેટર તરીકે સેવા આપશે.

# કોરીડોર પ્રોજેક્ટમાં લોકોએ ઘર ગુમાવતા અંબાજીમાં 40 વર્ષ બાદ ભાજપે સત્તા ગુમાવી

ગાંધીનગર : ઉત્તર ગુજરાતના પવિત્ર યાત્રાધામ અંબાજી મંદિર વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026માં મોટો રાજકીય પલટો જોવા મળ્યો છે. છેલ્લા ચાર દાયકાથી ભારતીય જનતા પાર્ટીનો મજબૂત ગઢ માનાતા અંબાજીમાં આ વખતે કોંગ્રેસએ ઐતિહાસિક જીત મેળવી રાજકીય સમીકરણો બદલી નાખ્યા છે. તાલુકા અને જિલ્લા સ્તરે કોંગ્રેસનો દબદબો અંબાજી તાલુકા પંચાયતની બેઠક નં. 1, 2 અને 3 પર કોંગ્રેસના ઉમેદવારોએ શાનદાર વિજય મેળવ્યો છે. સાથે જ જિલ્લા પંચાયતની અંબાજી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જયાબેન ગઢવીએ ભવ્ય બહુમતી સાથે જીત મેળવી છે. વર્ષોથી ભાજપના પ્રભુત્વ હેઠળ રહેલી બેઠકો પર આ પરિણામને મહત્વપૂર્ણ રાજકીય સંદેશ તરીકે જોવામાં આવી રહ્યું છે. કોરિડોર પ્રોજેક્ટ સામેનો અસંતોષ બન્યો નિર્ણાયક આ ચૂંટણી પરિણામ પાછળ અંબાજી કોરિડોર પ્રોજેક્ટને લઈને સ્થાનિકોમાં રહેલો અસંતોષ મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે. વિકાસના નામે હાથ ધરાયેલી કામગીરી દરમિયાન અનેક પરિવારોને સ્થળાંતર અને ઘર ગુમાવવાની સ્થિતિ સર્જાતા લોકોમાં રોષ ફેલાયો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે પ્રક્રિયામાં પૂરતો સંવાદ ન થયો અને વિકાસ "થોપવામાં આવ્યો" તેવી લાગણી મજબૂત બની. મતદારોનો બદલાયેલો મિજાજ મતદારોના મિજાજમાં આવેલા આ ફેરફારને માત્ર ચૂંટણી પરિણામ નહીં, પરંતુ સત્તાધારી તંત્ર માટે ચેતવણીરૂપ સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે. મંદિર વહીવટ, સ્થાનિક પ્રશાસન પ્રત્યેનો અસંતોષ અને સત્તાના અહંકાર અંગે ઉઠેલા પ્રશ્નોએ પણ મતદાનને અસર કરી હોવાનું માનવામાં આવે છે. અંબાજીનું આ પરિણામ દર્શાવે છે કે પરંપરાગત ગઢોમાં પણ મતદારો હવે મુદ્દા આધારિત નિર્ણય લઈ રહ્યા છે, જે રાજ્યની રાજનીતિમાં મહત્વપૂર્ણ ફેરફારોના સંકેત આપે છે.

# રવિન્દ્ર જાડેજાની બહેન કોંગીના નયનાબા જાડેજાનો પરાજય

ગાંધીનગરઃ ગુજરાતની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026માં રાજકોટમાંથી એક ચર્ચાસ્પદ રાજકીય ટક્કરનું પરિણામ સામે આવ્યું છે. રાજકોટ મનપાના વોર્ડ નંબર 2માં કોંગ્રેસના ઉમેદવાર નયનાબા જાડેજાને પરાજયનો સામનો કરવો પડ્યો છે, જ્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા છે. આ બેઠક ખાસ કરીને રાજકોટ મનપામાં નણંદ-ભાભી વચ્ચેના રાજકીય જંગ ચર્ચામાં રહ્યો હતો. નયનાબા જાડેજા ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની બહેન છે, જ્યારે તેમની ભાભી રીવાબા જાડેજા ભાજપ સરકારમાં મંત્રી તરીકે કાર્યરત છે. આ કારણે એક જ પરિવારના બે રાજકીય વિચારો વચ્ચેની સીધી ટક્કર સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બની હતી.

# અમદાવાદમાં ભાજપનો ગઢ તૂટ્યો: ખાડિયામાં કોંગ્રેસનો ઐતિહાસિક ક્લિન સ્વીપ

અમદાવાદ : અમદાવાદ મહાનગરપાલિકા ચૂંટણી 2026માં સૌથી ચોંકાવનારું પરિણામ ખાડિયા વોર્ડમાંથી સામે આવ્યું છે, જ્યાં લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટીનો ગઢ માનાતા વિસ્તારમાં કોંગ્રેસએ ઐતિહાસિક જીત નોંધાવી છે.

ખાડિયા વોર્ડમાં કોંગ્રેસની સંપૂર્ણ પેનલ વિજયી બની છે, જે રાજકીય દૃષ્ટિએ મોટું પરિવર્તન ગણાઈ રહ્યું છે. એક સમય એવો હતો કે "ખાડિયા એટલે ભાજપ" તરીકે ઓળખાતું હતું, પરંતુ આ વખતના પરિણામોએ આ સમીકરણ સંપૂર્ણપણે બદલી નાખ્યું છે.

ચૂંટણી દરમિયાન ભાજપ તરફથી કરાયેલા કેટલાક વિવાદાસ્પદ નિવેદનો પણ ચર્ચામાં રહ્યા હતા, જેના મતદાન પર અસર પડી હોવાની ચર્ચા ચાલી રહી છે. મતદાતાઓએ આ વખતે બદલાવ તરફ ઝુકાવ બતાવ્યો હોવાનું પરિણામોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.આ પરાજય બાદ ભાજપના સ્થાનિક નેતૃત્વ અને વ્યૂહરચનાને લઈને સવાલો ઉઠી રહ્યા છે. બીજી તરફ, કોંગ્રેસ માટે આ જીત મનોબળ વધારનારી સાબિત થઈ છે અને શહેરની રાજનીતિમાં નવા સમીકરણો ઉભા કરી શકે છે.

ખાડિયાનો આ પરિણામ માત્ર એક વોર્ડ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે અમદાવાદની રાજકીય દિશામાં બદલાવના સંકેતો તરીકે પણ જોવામાં આવી રહ્યો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### આજે બંગાળમાં...

TMCએ ૧૨૩, ભાજપે માત્ર ૧૮ અને ISFએ એક બેઠક જીતી હતી. અહીં દાવ પર ઘણું બધું છે. જે ૧૪૨ બેઠકો પર મતદાન થવાનું છે, તેમાંથી ૨૦૨૧માં TMCએ ૧૨૩, ભાજપે માત્ર ૧૮ અને ISFએ એક બેઠક જીતી હતી.

### ઓપેક સંગઠનમાંથી...

નિકળી જવાની જાહેરાત કરી હતી. UAEએ જણાવ્યું હતું કે, આ નિર્ણય UAEના લાંબા ગાળાના વ્યૂહાત્મક અને આર્થિક વિઝન અને વિકસતી ઊર્જા રૂપરેખાને પ્રતિબિંબિત કરે છે, જેમાં સ્થાનિક ઊર્જા ઉત્પાદનમાં ઝડપી રોકાણનો સમાવેશ થાય છે. દેશે વધુમાં ઉમેર્યું હતું કે, ઓપેકમાંથી બહાર નીકળ્યા પછી પણ UAE જવાબદારીપૂર્વક કાર્ય કરવાનું ચાલુ રાખશે અને માંગ તેમજ બજારની સ્થિતિને અનુરૂપ ધીમે ધીમે અને માપસર વધારાનું ઉત્પાદન બજારમાં લાવશે. વિયેના સ્થિત ઓપેક કાર્ટેલમાં સાઉદી અરેબિયા લાંબા સમયથી એક શક્તિશાળી સભ્ય માનવામાં આવે છે. જો કે, તાજેતરના વર્ષોમાં અમેરિકાએ ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં વધારો કરતા ઓપેકની બજાર શક્તિમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. સાઉદી અરેબિયા અને UAE વચ્ચે આર્થિક મુદ્દાઓ અને પ્રાદેશિક રાજકારણ, ખાસ કરીને રાતા સમુદ્ર વિસ્તારને લઈને સ્પર્ધા વધી રહી છે.

### સ્થાનિક સ્વરાજ્યની...

હતા અને કાર્યકરોએ આકરા તાપમાં કરેલા અથાગ પરિશ્રમને બિરદાવ્યો હતો. આ વિજયનો શ્રેય સરકારની નીતિઓને આપતા શાહે જણાવ્યું હતું કે, "આ જીત સીએમ ભૂપેન્દ્ર પટેલ અને ડે સીએમ હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળની સરકારની શાંત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાતની વિભાવનાને મળેલું મજબૂત જનસમર્થન છે." તેમણે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર સહિત સંગઠનના તમામ હોદ્દેદારોને પણ આ સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. વિજયી બનેલા ઉમેદવારોને પ્રોત્સાહિત કરતા કેન્દ્રીય મંત્રીએ કહયું હતું કે જીતની સાથે હવે પ્રજા પ્રત્યેની જવાબદારી પણ વધી છે.તેમણે તમામ વિજેતા પ્રતિનિધિઓને હંમેશા નાગરિકો માટે પ્રતિબદ્ધતા અને જવાબદેહી સાથે સેવારત રહેવા હિમાયત કરી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા જનકલ્યાણના યજ્ઞમાં સહભાગી થઈ નાગરિકોની સુખાકારી માટે કામ કરવા તેમણે આહવાન કર્યું હતું.

### બહેનના મૃત્યુનો...

ઘટના સમજના અભાવે બની હોય તેવું લાગે છે અને ખાતરી આપી હતી કે સ્થાનિક સત્તાધિકારીઓ દ્વારા મૃત્યુનું પ્રમાણપત્ર આપવામાં આવશે કે તરત જ શાખા તેની મૃત બહેનના ખાતામાંથી નાણાં ઉપાડવાના દાવાનો પ્રાથમિકતાના આધારે નિકાલ કરશે. ઓડિશાના મંત્રી સુરેશ પૂજારીએ કહ્યું કે આમાં માનવીય અભિગમનો અભાવ હતો અને સરકાર સંબંધિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરશે. બીજી તરફ, વિપક્ષે ભાજપ સરકાર પર નિશાન સાધતા જણાવ્યું કે મુખ્યમંત્રી મોહન ચરણ માઝી વિધાનસભામાં કેઓંઝરનું પ્રતિનિધિત્વ કરે છે. જીતુ મુંડાએ સોમવારે કહ્યું કે મેં ઘણી વખત બેંકની મુલાકાત લીધી. મેં તેમને કહ્યું હોવા છતાં કે મારી બહેનનું અવસાન થયું છે, તેઓ આગ્રહ રાખતા રહ્યા કે તેના નામે જમા થયેલા પૈસા ઉપાડવા માટે મારે તેને બેંકમાં લાવવી પડશે. કંટાળીને તેણે તેની બહેનનું હાડપિંજર કબર ખોદીને બહાર કાઢ્યું અને તેને ખભા પર મૂકીને બેંકમાં લઈ ગયો. હાડપિંજર જોઈને ગભરાયેલા બેંક અધિકારીઓએ તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પટના પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ઇનચાર્જ કિરણ પ્રસાદ સાહુએ જણાવ્યું કે પોલીસના હસ્તક્ષેપ પછી અસ્થિઓને પાછા કબ્રસ્તાનમાં લઈ જઈને દફનાવવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું, જીતુ અભણ છે. તેને ખબર નથી કે કાયદેસરનો વારસદાર કે નોમિની કોણ હોય છે. બેંક અધિકારીઓ તેને સ્વજનના મૃત્યુના કિસ્સામાં પૈસા ઉપાડવાની પ્રક્રિયા સમજાવવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટનાના એક દિવસ પછી, ગ્રામીણ બેંકની પ્રાયોજક બેંક, ઇન્ડિયન ઓવરસીઝ બેંક (IOB)એ સ્પષ્ટતા કરી કે બેંક અધિકારીઓએ પૈસા ઉપાડવા માટે મૃત ગ્રાહકની શારીરિક હાજરીની માંગ કરી ન હતી. તેઓએ મૃત્યુ પ્રમાણપત્ર સહિતના માન્ય દસ્તાવેજો માંગ્યા હતા.

### દિલ્હી ડાયરી...

અપમાન કરવાનો આરોપ લગાવ્યો. આ ઘટના બાદ તેમની અનેક ટિપ્પણીઓને રેકોર્ડમાંથી હટાવવામાં આવી હતી.

**પિનરાઈ વિજયનની ગેરહાજરીનું રહસ્ય**

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન ૯ એપ્રિલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન થયા બાદ જાણે કે ગાયબ થઈ ગયા હતા. જોકે, તેઓ સોશિયલ મીડિયા પર સક્રિય રહ્યા હતા, જે દેખીતી રીતે તેમની ટીમ દ્વારા સંચાલિત કરવામાં આવી રહ્યું હતું. તેમની શારીરિક ગેરહાજરીએ ખાસ કરીને ત્યારે લોકોનું ધ્યાન ખેંચ્યું જ્યારે તેમણે પ્રથમ વર્ષના ડેન્ટલ સ્ટુડન્ટ નીતિન રાજની કથિત આત્મહત્યાના મામલે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. આ વિદ્યાર્થીએ પ્રોફેસરો દ્વારા જાતિવાદી ટિપ્પણીઓનો સામનો કર્યા બાદ આત્મહત્યા કરી હોવાના આક્ષેપ છે, જેણે રાજ્યમાં મોટો વિવાદ ઊભો કર્યો હતો. આ ડેન્ટલ કોલેજ કન્નૂર જિલ્લાના અંજરકાંડીમાં આવેલી છે, જે વિજયનનો પોતાનો મતવિસ્તાર પણ છે. તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ઘટનાના બે દિવસ પછી પ્રતિક્રિયા આવી, જેનાથી નેતાની ઢીલાશ અંગે વધુ પ્રશ્નો ઊભા થયા. હવે એ વાત સામે આવી છે કે વિજયન અને તેમનો પરિવાર ચેન્નાઈમાં હતો, જ્યાં ૧૪ એપ્રિલે એક ખાનગી હોસ્પિટલમાં તેમની મોતિયાની સર્જરી કરવામાં આવી હતી. તેઓ ૨૨ એપ્રિલે તિરુવનંતપુરમ પરત ફર્યા હતા. આ બધું હોવા છતાં, સૌની નજર હવે એ વાત પર છે કે તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)નું નેતૃત્વ કરનાર વિજયન સતત ત્રીજી ટર્મ મેળવીને ભાગ્યશાળી સાબિત થશે કે પછી ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ તેમણે વિપક્ષમાં બેસવું પડશે.

**દિલીપ રાય અને આંતરિક રાજકારણ**

ભાજપના સમર્થનથી તાજેતરમાં રાજ્યસભાના સભ્ય બનેલા હોટલ માલિક દિલીપ રાય અત્યારે ચર્ચામાં છે. પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સિલીગુડીમાં આવેલી તેમની હોટલ 'મેફેર ટી રિસોર્ટ'માં રોકાયા હતા. મોદીએ હોટલના કર્મચારીઓ સાથે ફોટા પણ પડાવ્યા હતા. જોકે, તેમનું ત્યાં રોકાવું રાજ્ય ભાજપના નેતાઓના એક વર્ગને ગમ્યું નથી. રાય, જેમના સંબંધો કેન્દ્રીય મંત્રી અને સાથી ઓડિયા નેતા ધર્મેન્દ્ર પ્રધાન સાથે સારા નથી, તેમણે વડા પ્રધાનની આ મુલાકાતનો ઉપયોગ દિલ્હી સાથે પોતાની નિકટતા દર્શાવવા માટે કરવાનો પ્રયાસ કર્યો હતો. રાય અને પ્રધાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો એક ખુલ્લું રહસ્ય છે. રાયના જૂથનું માનવું છે કે ૨૦૧૮માં ભાજપમાં તેમને હાંસિયામાં ધકેલી દેવા માટે પ્રધાન જવાબદાર હતા, જેના કારણે તેમણે તે સમયે પક્ષમાંથી રાજીનામું આપવું પડ્યું હતું.

### વૈશ્વિક ક્રૂડ બજાર પર...

કારણે ઊભી થયેલી લાંબા ગાળાની અનિશ્ચિતતા. ૧ મે થી અમલમાં આવે તે રીતે, UAE એ OPEC અને OPEC+ (રશિયાના નેતૃત્વવાળા વિસ્તૃત જૂથ)માંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે. આ કાર્ટેલના સૌથી મોટા ઉત્પાદકોમાંના એકની વિદાય છે, જે વૈશ્વિક તેલ સંકલન માટે મોટો ફટકો ગણાય છે. UAEના જવાથી OPEC દરરોજ ૩૪ લાખ બેરલ જેટલું મોટું ઉત્પાદન ગુમાવશે. ૧૯૬૭ થી ૨૦૨૫ સુધીના લગભગ ૫૮ વર્ષના સભ્યપદનો હવે અંત આવ્યો છે. આ નિર્ણય પાછળ સાઉદી અરેબિયા અને UAE વચ્ચેની વધતી હરીફાઈ મુખ્ય ગણાય છે. આ ઘટનાક્રમ અંગે રાયસ્ટાડ એનર્જીના એનાલિસ્ટ જ્યોર્જ લિયોન જણાવે છે કે, UAE ની વિદાય OPEC માટે એક નોંધપાત્ર વળાંક છે. સાઉદી અરેબિયા સિવાય UAE જ એવો દેશ હતો જેની પાસે બજારને પ્રભાવિત કરવા માટે પૂરતી વધારાની ઉત્પાદન ક્ષમતા (Spare Capacity) હતી. જોકે હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોને કારણે ટૂંકા ગાળામાં બજાર પર કદાચ મોટી અસર ન દેખાય, પરંતુ લાંબા ગાળે OPEC નબળું પડશે. આ જૂથમાંથી બહાર નીકળ્યા પછી UAE પાસે તેલ ઉત્પાદન વધારવાની ક્ષમતા અને ઇચ્છા બંને હશે, જે બજારના સ્થિરકર્તા તરીકે સાઉદી અરેબિયાની ભૂમિકા પર સવાલ ઉભા કરશે અને ભવિષ્યમાં તેલના ભાવમાં વધુ અસ્થિરતા લાવી શકે છે. અન્ય એક નિષ્ણાતે કહ્યું કે UAE વધુ તેલનું ઉત્પાદન કરવા માંગે છે, તેથી આ પગલું તેલના ભાવ માટે નકારાત્મક હોવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે ઈરાન સંઘર્ષનો અંત આવશે, ત્યારે ઓપેક (OPEC) ભૂતકાળની જેમ કિંમતો પર નિયંત્રણ રાખી શકશે નહીં.


**Muthoot Homefin (India) Ltd.**

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા કચેરીઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

**પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]**
**ખાનગી કરાર દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્કયામતનો કબજો મેળવ્યા અનુસંધાને દેવાદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે અધોહસ્તાક્ષરકર્તા દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જેનો કબજો 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ પણ છે' તે ધોરણે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ નં. | લોન લેનાર/ સહ-લોન લેનાર/ જામીનદાર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | માંગણી નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | બાનાની રકમ (EMD) (RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | મુકેશભાઈ કિશોરભાઈ ભોઈ/ સપનાબેન મુકેશભાઈ ભોઈ/ 004-00403593/ સુરત | 10-સપ્ટે-2019/ રૂ. 8,30,349/- અંકે રૂપિયા આઠ લાખ ત્રીસ હજાર ત્રણસો ઓગણપચાસ પૂરા. | C-408 ચોથો માળ, સાઈ સિદ્ધિ રેસીડેન્સી, શિવમ રેસીડેન્સી, સુરત બારડોલી રોડ પાસે, સુરત, ગુજરાત - 394327 | રૂ. 2,25,000/- અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પૂરા. | રૂ. 22,500/- અંકે રૂપિયા બાવીસ હજાર પાંચસો પૂરા. |
| 2. | રાકેશભાઈ અરુણભાઈ મોરે/ મીરાબાઈ અરુણભાઈ મોરે/ 004-00405180/ સુરત | 25-ઓક્ટો-2021/ રૂ. 5,74,051/- અંકે રૂપિયા પાંચ લાખ ચુમોતેર હજાર એકાવન પૂરા. | ફ્લેટ નં. 506, આર.એસ નં. 80/2/1, બ્લોક નં. 107/1, 107/2, 107/3, 5મો માળ, રાધે ક્રિષ્ના એવન્યુ, બગુમરા કેનાલ રોડ, સુરત-બારડોલી હાઈવે પાસે, બગુમરા, પલસાણા, સુરત - 394327 | રૂ. 2,00,000/- અંકે રૂપિયા બે લાખ પૂરા. | રૂ. 20,000/- અંકે રૂપિયા વીસ હજાર પૂરા. |
| 3. | વિપુલકુમાર નાનજીભાઈ બાંભણિયા/ અંબાબેન નાનજીભાઈ બાંભણિયા/ 004-00405700/ સુરત | 18-ફેબ્રુ-2025/ રૂ. 5,28,036/- અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવીસ હજાર છત્રીસ પૂરા. | ફ્લેટ નં-501, આર.એસ. નં. 80/2/1, બ્લોક નં. 107/1, 107/2, 107/3, 5મો માળ, રાધે ક્રિષ્ના એવન્યુ, બગુમરા કેનાલ રોડ, સુરત બારડોલી હાઈવે પાસે, બગુમરા, પલસાણા, સુરત. ગુજરાત પિનકોડ-394327. ઉત્તરઃ બ્લોકને અડીને, દક્ષિણઃ રોડ, પૂર્વઃ ખુલ્લો પ્લોટ, પશ્ચિમઃ ખુલ્લો પ્લોટ | રૂ. 2,00,000/- અંકે રૂપિયા બે લાખ પૂરા. | રૂ. 20,000/- અંકે રૂપિયા વીસ હજાર પૂરા. |
| 5. | ભાટુ ચંદ્રભાન સૂર્યવંશી/ અનિતાબેન ચંદ્રભાન સૂર્યવંશી/ 004-00404293/ સુરત | 18-ઓગસ્ટ-23/ રૂ. 8,02,902/- અંકે રૂપિયા આઠ લાખ બે હજાર નવસો બે પૂરા. | ફ્લેટ નં. C-510, 5મો માળ, સાઈ સિદ્ધિ રેસીડેન્સી, બિલ્ડીંગ નં. C, શિવમ રેસીડેન્સી, સુરત બારડોલી રોડ પાસે, કડોદરા, પલસાણા, સુરત, ગુજરાત - 394327 | રૂ. 2,25,000/- અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પૂરા. | રૂ. 22,500/- અંકે રૂપિયા બાવીસ હજાર પાંચસો પૂરા. |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સાથે EMD 'Muthoot Homefin (India) Ltd' ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા તથા KYC દસ્તાવેજો સાથે 19-મે-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર જણાવેલ પ્રાદેશિક કચેરીના સરનામે રહેશે. જે ટેન્ડરો સંપૂર્ણ ભરાયેલા નથી અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 18-મે-2026ના રોજ બપોરે 01:00થી 03:00 વાગ્યાની વચ્ચે છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 20-મે-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અધિકૃત અધિકારી દ્વારા રહેશે.
6. MHIL કોઈ પણ બાકી વૈધાનિક નોટિસ અને બોજા/ટેક્સ બાકી વગેરે માટે જવાબદાર રહેશે નહીં, જો કોઈ હોય તો, અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બિડરે મિલકતના ટાઇટલ અને બોજાઓ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને પોતે નિરીક્ષણ કરીને સંતોષ મેળવવો જોઈએ.
7. સૌથી વધુ બિડ કરનાર MHIL લિમિટેડની મંજૂરીને પાત્ર રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. લેણદાર(ઓ)/જામીનદાર(ઓ) ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવી દે, અન્યથા સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે. જો લેણદાર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી રકમ પૂરેપૂરી ચૂકવે છે, તો હરાજી રદ કરવાને પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - 9737057744
તારીખઃ 29 એપ્રિલ, 2026 સહી/- અધિકૃત અધિકારી,
સ્થળઃ સુરત મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**મહેરબાન કઠોરનાં એડીશનલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં**
**બીજો માળ કોર્ટ બિલ્ડીંગ, મુ.પો.કઠોર, જી.સુરત**

**જાહેર સમન્સ**

વાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.નાંઓએ નીચે પરીશીષ્ટમાં જણાવેલ પ્રતિવાદીઓ વિરુધ્ધ વીજ વપરાશ / વીજ ચોરીની લેણી રકમ વસુલ મેળવવા દાવાઓ કરેલ છે. તેવા તમામ દાવાઓમાં જણાવેલ સરનામે નામદાર કોર્ટનાં પ્રોસેસો બેલીફશ્રી મારફત બજાવવા છતા પ્રતિવાદીઓને પ્રોસેસ બજતા નથી જેથી દૈનિક સમાચારપત્ર દ્વારા નામદાર કોર્ટનાં પ્રોસેસની બજવણી જાહેર રીતે કરવામાં આવે છે પરિશિષ્ટમાં જણાવેલ દાવાઓમાં હવે પછીની ઠરાવ તા.૦૨/૦૫/૨૦૨૬ નાં રોજ રાખવામાં આવેલ છે જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલશ્રી મારફત સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**: પરિશિષ્ટ :**

વાદી તરફે એડવોકેટ શ્રી અલ્પેશ એમ.પરમાર નાં કેસોની વિગત

| ક્રમ | કેસ નંબર | પ્રતિવાદીઓનાં નામ/સરનામા | દાવાની રકમ |
|---|---|---|---|
| ૧ | RCS/18/2025 | અમિષાબેન નરેશભાઈ સર્વેકર, રહેવાસીઃ જુનો હરીજનવાસ, મુ.પો. ખોલવડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૨,૦૨,૬૨૩.૨૬/- |
| ૨ | RCS/19/2025 | જયેશભાઈ ચીમનભાઇ પટેલ, ઠે. નાયકી ફળીયું, મુ.પો.વાવ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧,૭૦,૪૯૮.૩૬/- |
| ૩ | RCS/22/2025 | શેખ અફસરી એમ. હનીફ, ઠે. ૫/૧૭૦, રાણી ફળીયું, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧,૦૪,૮૧૧.૭૭/- |
| ૪ | RCS/23/2025 | અલ્વી મુજીબ રેહમાન, ઠે. ટાવર ફળીયું, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત મો.નં. ૭૩૮૩૦ ૩૦૬૪૪ | રૂા. ૮૫,૩૬૩.૬૮/- |
| ૫ | RCS/24/2025 | આશાબેન ચંદ્રસિંહ ચૌહાણ ઠે. શ્રમજીવી વસાહત, મુ.પો.વાવ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૮૪,૪૧૨.૨૩/- |
| ૬ | RCS/32/2025 | મહેશભાઈ દિનેશભાઈ રાઠોડ, ઠે. મુ.પો. ખોલવડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૨૩,૪૨૭.૯૩/- |
| ૭ | RCS/38/2025 | જીકુબેન અર્જુનભાઈ ભરવાડ, ઠે. ૭૬૮, નેસ ફળીયું, મુ.પો.નવાગામ, તા.કામરેજ, જી.સુરત મો.ન. ૯૯૧૩૪ ૨૫૬૦૪ | રૂા. ૧૬,૯૪૪.૩૨/- |
| ૮ | RCS/43/2025 | જાલાભાઈ હનુભાઈ ભરવાડ, ઠે. બ્લોક નં. ૩૩૪, પ્લોટ નં. ૧૩૭/૧૧૪, સત્યમ નગર, મુ.પો.કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૫૯,૭૬૦.૭૧/- |
| ૯ | RCS/44/2025 | (૧) હિતેશભાઈ ખોડાભાઈ ઝાલાવાડીયા, રહેવાસી. પ્લોટ નં. ૧૨, ગોકુલધામ સોસાયટી, મુ.પો.કામરેજ, તા. કામરેજ, જી.સુરત (૨) ભરતભાઈ બાચચંદભાઈ બવાડિયા, રહેવાસીઃ પ્લોટ નં. ૧૨, ગોકુલધામ સોસાયટી, મુ.પો. કામરેજ,તા. કામરેજ જી. સુરત | રૂા. ૧,૨૪,૦૩૦/- |
| ૧૦ | RCS/45/2025 | પવાસિયા કાર્તિકેય અરવિંદભાઈ, ઠે. બિલ્ડીંગ-એ, બ્લોક નં. ૩૬૭, દાદા ભગવાન રેસીડેન્સી, મુ.પો.કામરેજ, તા. કામરેજ, જી.સુરત | રૂા. ૮,૬૫૩.૩૮/- |
| ૧૧ | RCS/46/2025 | મહેન્દ્રભાઈ નાથાભાઈ પટેલ, ઠે. મહેન્દ્ર પેલેસ એપાર્ટમેન્ટ, દેરોડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૩૯,૪૦૮.૭૧/- |
| ૧૨ | RCS/48/2025 | વિવેક રવિન્દ્રભાઈ મુળે, ઠે. પ્લોટ નં. ૧૬૬, શિવ નગર, મુ.પો.કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૨૭,૪૩૪.૨૨/- |
| ૧૩ | RCS/51/2025 | મુનાભાઇ હરીભાઇ ભરવાડ, ઠે. પ્લોટ નં. ૨૩૮, શિવ નગર, કામરેજ, તા.કામરેજ, જી.સુરત મો.નં. ૭૮૭૪૧ ૦૮૨૯૧ | રૂા. ૨૦,૯૬૩.૨૯/- |
| ૧૪ | RCS/53/2025 | રમેશભાઈ ડાહ્યાભાઈ વસાવા, ઠે. ૧૦૫, વસાવા ફળીયું, મુ.પો.નનસાડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૮,૫૨૬.૯૦/- |
| ૧૫ | RCS/54/2025 | ભરતભાઈ વિઠલભાઈ ચાવડા, ઠે. હરીઓમ સોસાયટી, મુ.પો.નનસાડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૬,૭૯૬.૬૩/- |
| ૧૬ | RCS/55/2025 | ચંદ્રકાંત રણછોડભાઈ, ઠે. પ્લોટ નં. ૧૫૧ રથપુરી સોસાયટી, મુ.પો. કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૫,૩૭૪.૧૭/- |
| ૧૭ | RCS/56/2025 | કિરીટભાઈ નરસિંહભાઈ ગઢવાણા, ઠે. ૧૫૩/એ, શિવ નગર સોસાયટી, મુ.પો.કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૩,૯૯૯.૭૬/- |
| ૧૮ | RCS/58/2025 | દિનેશભાઈ બેચરભાઈ, ઠે. વેદનગરી, મુ.પો.કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૧,૨૦૨.૯૮/- |
| ૧૯ | RCS/59/2025 | બાગાભાઈ ચોગાભાઈ ભરવાડ, ઠે. ૧- શિવ નગર, હરી નગરની સામે, કામરેજ, તા.કામરેજ મો.નં. ૯૦૮૧૩ ૮૬૩૨૫ | રૂા. ૧૦,૮૭૦.૮૨/- |
| ૨૦ | RCS/60/2025 | લલિતભાઈ કાલુભાઈ કથીરિયા, ઠે. પ્લોટ નં. ૬૦, પરીવાર રેસીડેન્સી, મુ.પો.નનસાડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૦,૩૬૦.૪૮/- |
| ૨૧ | RCS/61/2025 | નાકરાણી હિતેશભાઈ મનસુખભાઈ, ઠે. પ્લોટ નં. ૬૨, શકિત લેક સીટી-એ, મુ.પો.નનસાડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૯,૮૫૧.૦૫/- |
| ૨૨ | RCS/62/2025 | અરજનભાઇ રણછોડભાઈ પટેલ, ઠે. ૫૯૨, મિસ્ત્રર નગરની પાસે, મુ.પો. નનસાડ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૯,૦૯૬.૨૭/- |
| ૨૩ | RCS/63/2025 | શારદાબેન બાબુભાઇ ભગત, ઠે. સાંઇધામ રેસીડેન્સી, કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૬,૯૮૯.૧૩/- |
| ૨૪ | RCS/64/2025 | સ્વાતંત્ર રાજકિશોર ગુપ્તા, ઠે. પ્લોટ નં. ૫૫, ક્રિષ્ના પાર્ક સોસાયટી, મુ.પો. કામરેજ, તા.કામરેજ, જી.સુરત | રૂા. ૧૪,૮૬૫.૩૧/- |

આજ તારીખ માહે સને ૨૦૨૬ નાં દિને મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર. (એમ.બી.વઘાસીયા) આસી. — કોર્ટનો સિક્કો — મુકાબલ કરનાર (એસ.બી.લક્ષદાણીયા) આસી. — હુકમથી (જે.એમ.પટેલ) રજીસ્ટ્રાર



**નોવેક્સ પોલી ફિલ્મ્સ પ્રાઇવેટ લિમિટેડ**
CIN: U25200DD1999PTC004710
રજિસ્ટર્ડ ઓફિસઃ પ્રથમ માળ, પ્લોટ નંબર 21, મોડર્ન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કચીગામ, દમણ, દમણ અને દીવ-396210, ભારત.
ઇ-મેઇલઃ jay@novexpolyfilms.in

**"ફોર્મ નંબર INC-26"**
[કંપની (ઇનકોર્પોરેશન) નિયમો, 2014ના નિયમ 30 મુજબ] કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં બદલવા માટે સમાચાર પત્રમાં પ્રકાશિત કરવાની જાહેરાત

**કેન્દ્ર સરકારના પ્રાદેશિક નિર્દેશક સમક્ષ, પશ્ચિમ પ્રદેશ નિર્દેશાલય-I, મુંબઈ.**

કંપની અધિનિયમ, 2013ની કલમ 13ની પેટા-કલમ (4) અને કંપની (ઇનકોર્પોરેશન) નિયમો, 2014ના નિયમ 30ના પેટા-નિયમ (5)ના ખંડ (a)ની બાબતમાં અને

નોવેક્સ પોલી ફિલ્મ્સ પ્રાઇવેટ લિમિટેડની બાબતમાં, જેની રજિસ્ટર્ડ ઓફિસ પ્રથમ માળ, પ્લોટ નંબર 21, મોડર્ન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કચીગામ, દમણ, દમણ અને દીવ-396210, ભારત ખાતે આવેલી છે. ----અરજદાર

સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની, કંપની અધિનિયમ, 2013ની કલમ 13 હેઠળ કેન્દ્રીય સરકારને અરજી કરવાનું પ્રસ્તાવિત કરે છે, જેમાં 22 એપ્રિલ, 2026 ના રોજ યોજાયેલી એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગમાં પસાર કરવામાં આવેલા વિશેષ ઠરાવ મુજબ કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ માંગવામાં આવી છે, જેથી કંપની તેની રજિસ્ટર્ડ ઓફિસ "દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશમાંથી મહારાષ્ટ્ર રાજ્યમાં" બદલી શકે.

કોઈપણ વ્યક્તિ જેનું હિત કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના પ્રસ્તાવિત ફેરફારથી પ્રભાવિત થવાની સંભાવના હોય, તે MCA-21 પોર્ટલ (www.mca.gov.in) પર ઇન્વેસ્ટર કમ્પ્લેઇન્ટ ફોર્મ ફાઇલ કરીને અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા તેના વાંધાઓ, તેના હિતના સ્વરૂપ અને વિરોધના આધારો દર્શાવતા સોગંદનામા (એફિડેવિટ) સાથે પ્રાદેશિક નિયામક, પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈને "એવરેસ્ટ, 5મો માળ, 100 મરીન ડ્રાઇવ, મુંબઈ-400002, મહારાષ્ટ્ર" સરનામે આ નોટિસના પ્રકાશનની તારીખથી 14 દિવસની અંદર પહોંચાડી શકે છે અથવા મોકલી શકે છે, જેની એક નકલ અરજદાર કંપનીને તેની ઉપર દર્શાવેલ રજિસ્ટર્ડ ઓફિસના સરનામે મોકલવાની રહેશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી
નોવેક્સ પોલી ફિલ્મ્સ પ્રાઇવેટ લિમિટેડ
એસડી/-
જય મહેશ શ્રોફ
ડિરેક્ટર
સ્થળઃ દમણ
તારીખઃ 29.04.2026 DIN: 00691652


## સુડોકુ ૭૦૯૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૩ | ૭ | ૯ | ૫ | | ૧ | |
| ૨ | ૧ | ૪ | ૮ | | ૬ | | | |
| | | ૭ | | | ૨ | | ૩ | |
| ૭ | | | | | ૪ | ૧ | | ૫ |
| ૧ | | ૫ | | ૭ | | | ૪ | |
| ૩ | ૪ | | ૬ | ૫ | ૧ | ૨ | ૮ | ૭ |
| | | ૮ | ૯ | ૪ | ૩ | | ૨ | ૧ |
| | ૫ | ૨ | ૧ | | ૮ | ૩ | | ૪ |
| | | | ૫ | | | | | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાના છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### પેટમા ગેસ

દહિ વલોવી બનાવેલા બસો ગ્રામ મહ્ઠામા બે ગ્રામ અજમો અને ચપટી મીઠુ ઉમેરી જમ્યા પછી રોજ પીવું.

## શબ્દગુંફન - ૭૨૦૭ અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. જગત(૩) ૪. પૃથ્વી (૨) ૭. ભયાનક, બિહામણું(૪) ૧૦. ખુશાલીને પ્રસંગે ભેટની વહેચણી (૩) ૧૧. લીલુ ઘાસ(૨) ૧૨. તરસ (૩) ૧૪.બળવાન(૩) ૧૬. શૂરવીર, ભાઇ (૨) ૧૮. બટનમાં ઘાલવાનું નાકું (૨) લખવાનું કે (૨) ૨૧. પચેલું (૩) ૨૪. પ્યાલો (૨) ૨૬. અમિતાભની એક ફિલ્મ (૪) ૨૭. પવન (૩) ૨૯. કૂવાના પાણીથી ભરેલો ઉનાળું પાક ૩૦. રસ્તો, ઉપાય (૩) એકવાર (૨) ૩૪. પતિ (૨) ૩૬. દુંખ,પીડા (૩) ૩૭. નઠારું નીચ (૫)

**ઊભી ચાવી**

૧. બ્રહ્મચર્ય પાળનાર પુરુષ (૪) ૨. ગોળાળો, વાંધો (૨) ૩. નિષદ, પ્રતિબંધ (૨) ૫. તીવ્ર ઇચ્છા (૩) ૬. અણીવાળું (૪) ૮. દગો, ઠગબાજી(૩) ૯. વાંદરો (૨) ૧૩.પાળ, સેતુ(૨) ૧૪. શિખામણ આપનાર (૫) ૧૫. અંકુશ(૩) ૧૬. દુંખ ૨૦. વહેમ, સંદેશો (૪) ૨૩. ઠીક, સારું (૨) ૨૫. ફૂલમાની રજ (૩) ૨૭. કાળજી, પરવા(૨) ૨૯. શંકર, પ્રત્યેક(૨) ૩૧. વિનાનો વગરનું (૩) ૩૩. કેફ, ખુમારી (૨) ૩૪. કૃષ્ણ પક્ષનું ૩૫. પરમેશ્વર (૨)



## આજનું પંચાંગ

**તા. 29/04/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** સુખ તેરસ : 19:33
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 09
**યોગ :** શિવ **કરણ:** કૌશલ
**નક્ષત્ર :** હસ્ત: 14:17
**રાશિ:** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** શુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:01
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે 12:00થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** હરીફો અને ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. પોતાના કામમાં ચોક્કસાઇ રાખી. સરકારી કામમાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રેમમાં આવેગ અને આકર્ષણ ગેર સમજ પેદા કરશે. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** રચનાત્મક કાર્ય સફળ થાય. પાર્ટી-પીકનીકનું આયોજન થાય. પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ.

**કર્ક (ડ,હ,):** મિત્રો સાથે મનોરંજન થાય. આવક-વધારવાની યોજના બને. નોકરીમાં પ્રભાવ વધે. પ્રયાસ થાય.

**સિંહ (મ,ટ,):** પરિવારનાં કામમાં મદદરૂપ બનશો. સંતાનોના કામમાં પ્રગતિ થાય. પારિવારીક ધંધામાં આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉત્સાહજનક સમાચાર મળે. નોકરીમાં નવી તર્ક મળે. સામાજીક સમસ્યાથી અશાંતિ વધે.

**તુલા (ર,ત,):** ખર્ચા વધશે. શત્રુઓની ચાલ ઘર ધ્યાન રાખવું. સંતાનોના પ્રશ્નો સતાવે. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** મિત્રો, જીવનસાથી, સંતાનો સાથે મનોરંજન થાય. આવક વધે. ગુપ્તભય સતાવે. માનસિક અશાંતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉત્સાહજનક સમાચાર મળે. જાહેર અને સમાજ જીવનમાં દોડધામ વધે. શત્રુઓથી સાવધાન.

**મકર (ખ,જ,):** ધાર્મિક સાહિત્ય, તિર્થયાત્રા, વિદેશ પ્રવાસને લગતા કામ થાય. કોર્ટ-કચેરીમાં અશાંતિ વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્તભય સતાવે. કોઇ કાવતરાના ભોગ બની શકાય તેમ છે. સરકારી કામમાં સાવધાની રાખવી.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિદેશ પ્રવાસ, સમાજ સેવા, સરકારી કામ કોર્ટ કચેરી જેવા કામમાં મદદ મળે. આવક વધે.

## કોઈ પણ સાલમાં 29 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. ટેક્નોલોજી અને સરકારી નીતિના કારણે નવા ફેરફારથી કામના બોજ અને દોડધામ વધશે. નોકરી-ધંધા-વ્યવસાય-સમાજ વગેરેમાં હરીફો સતાવશે. સંતાનોનાં કામમાં ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. ઉમર લાયકના વિવાહ થાય. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વારસા, જાયદાત, જમીન, કાયદા કાનુન બાબત વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્યર્મમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોના સાથ મળે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. યાત્રા-પ્રવાસ-ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુ 02, 11, 20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ, સામાન્ય લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. જાન્યુઆરી-ફેબ્રુઆરી મંગળ-બુધ- 5, 8 તારીખે નવા કામ ટાળવાં. કાળો, લીલો, ભૂરો રંગ ઓછો વાપરવો. વર્ષ દરમિયાન ચંદ્રના ઉપાય કરતા રહેવું.